વિભાગ હેઠળની કચેરીઓની જમીન ફાળવણી(**Land Allotment Cases**)ના પડતર કેસો અંગે નોડલ અધિકારીની નિમણૂંક કરવા બાબત...

ગુજરાત સરકાર
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/0091/E(PF-1)
સચિવાલય, ગાંધીનગર
તારીખ: E-Sign મુજબ

<u>વંચાણે લીધા</u>:

- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગનો તા.૦૭/૦૯/૨૦૨૬નો અ.સ.પત્ર

<u>કાર્યાલય આદેશ</u>:

વંચાણે લીધેલ અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગના તા.૦૭/૦૯/૨૦૨૬ના અ.સ પત્રથી આપેલ સૂચનાનુસાર, મહેસૂલ વિભાગ સરકારી જમીનની સમયસર ફાળવણી અને શ્રેષ્ઠતમ ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ઝીણવટથી કામ કરી રહ્યું છે. માન.મુખ્યમંત્રીશ્રીના સ્તરે મળેલી સૂચનાઓ અનુસાર, વિભાગવાર ચર્ચાઓ અને સમીક્ષાઓ હાથ ધરીને જમીન માંગણી અંગેના સંકલિત ધોરણો ઘડવાની કાર્યવાહી કરવામાં આવનાર છે. જે અન્વયે જમીન ફાળવણીના પડતર કેસોની સમીક્ષા તથા ઝડપી નિકાલ માટે, જ્યાં જરૂરી હોય ત્યાં સંબંધિત જિલ્લા કલેક્ટરો અને અન્ય સત્તાવાળાઓ સાથે સંકલન સાધવાની કામગીરી તથા સદરહુ બાબતની અન્ય કામગીરી અર્થે વિભાગના નોડલ અધિકારી તરીકે ઉપસચિવશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની હોદ્દાજોગ અને સબ નોડલ અધિકારી તરીકે વહીવટી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી નિમણૂંક કરવામાં આવે છે. વિભાગ ખાતે હાલમાં કાર્યરત ઉપસચિવશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) અને વહીવટી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીના નામ, હોદ્દો, સરનામું, ટેલિફોન નંબરની વિગત નીચે મુજબ છે.

| **નોડલ અધિકારી/ સબ નોડલ અધિકારી** | **નામ તથા હોદ્દો** | **વિભાગનું નામ તથા સરનામું** | **ટેલિફોન નંબર/ ઇ-મેઇલ આઇ.ડી.** |
|---|---|---|---|
| નોડલ અધિકારી | ડૉ. અનંત ગર્ગ<br>ઉપસચિવશ્રી<br>(અનુસૂચિત જાતિ કલ્યાણ) | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫/૯ મો માળ, સચિવાલય, ગાંધીનગર | કચેરી: ૦૭૯-૨૩૨-૫૧૨૦૯<br>ઇ-મેઇલ આઇ.ડી.:us6-sje@gujarat.gov.in |
| સબ નોડલ અધિકારી | શ્રીમતિ જ્યોત્સનાબેન સોલંકી,<br>વહીવટી અધિકારી | ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, બ્લોક નં.૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર | કચેરી: ૦૭૯-૨૩૨-૫૮૩૨૫<br>ઇ-મેઇલ આઇ.ડી.:adm-gscs@gujarat.gov.in |

**E-Sign**
**(પાયલ માલકીયા)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- ડૉ. અનંત ગર્ગ, ઉપસચિવ(અનુસૂચિત જાતિ કલ્યાણ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી જ્યોત્સનાબેન સોલંકી, વહીવટી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, બ્લોક નં.૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- અધિક મુખ્ય સચિવશ્રી(મહેસૂલ)ના રહસ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી/સર્વે નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ઉપ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર- વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified

Signed by:payal malakiya
Section Officer
Date:2026.10.22
15:23:44 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign